વિદ્યા, વિનય, વિચાર, વાણી અને વર્તનનો સમન્વય એટલે...

# પંચશીલ

ક્રિએટીવ સંકુલ દ્વારા સંચાલિત પંચશીલ સ્કૂલનું માસિક

વર્ષ : ૧૦ | અંક : ૧૦૫ | પેઈજ : ૧૧

સંપાદક : ડૉ. ડી.કે. વાડોદરીયા | એપ્રિલ : ૨૦૨૨ | સંયોજક : યોગીરાજસિંહ જાડેજા




શિવનગર મેઈન રોડ, પી.ડી.એમ. કોલેજ કેમ્પસ, ગોંડલ રોડ, રાજકોટ.
ફોન : (0281) 2382626, મો. : 88 66 11 00 11, 88 66 22 00 22, 88 66 33 00 33
Web : www.panchshilschool.org, Email : admin@panchshilschool.org, panchshilschool2011@gmail.com



# વાર્તા



બહું સમય પહેલાની વાત છે. એક રાજય હતું. એ રાજયનું નામ હતું ઉદયગઢ. રાજા શોર્યવીરસિંહજીના રાજયમાં ઉદયગઢ ની પ્રજા ખૂબ સુખી અને સંતોષકારક જીવન જીવતી હતી. શોર્યવીરસિંહજીના દરબારમાં ઘણા મંત્રીઓ હતા. પણ સહુથી વધુ બુદ્ધિશાળી અને વિવેક વિનય સંપન્ન મંત્રી હતા સુમતિદેવ. જે હંમેશા રાજાજીને યોગ્ય દિશા બતાવતાં. પ્રજાની સુખાકારી અને ન્યાય નું હંમેશા ધ્યાન રાખતા. સતાનો સદુપયોગ એમનો જીવનમંત્ર હતો. સ્વભાવિક રીતે બીજા મંત્રીગણને સુમતિદેવની ઈર્ષ્યા થતી પણ એક મંત્રી હતા જેમને સુમતિદેવ આંખના કણાની જેમ ખૂંચતા એ મંત્રી એટલે ઉગ્રદત. ઉગ્રદત સુમતિદેવને રાજા સમક્ષ નીચા પાડવાનો એક પણ મોકો ન છોડતા.

એક દિવસ રાજાજી શોર્યવીરસિંહજીને નગર ચર્ચા પર જવાનું મન થયું. એમણે મંત્રી સુમતિદેવ અને ઉગ્રદતને પણ સાથે આવવા કહ્યું. તેઓ રાજયની બજારમાં સહુને મળતા મળતા આગળ વધતા હતા. ત્યાં એમણે અત્યંત દારુણ ગરીબીમાં જીવતા જીવતાં બે વ્યકિત મળ્યા. રાજાજીએ સુમતિદેવ અને ઉગ્રદત બંનેને એક એક ગરીબ વ્યકિતને કંઇક દાન આપવા કહ્યું. સુમતિદેવે તરત પોતાના માણસો મોકલી એક લાકડાની હાથલારી મંગાવી અને એક ગરીબને દાન આપી. ઉગ્રદતને તરત વિચાર આવ્યો કે આટલું નાનું દાન. હું મોટું દાન આપી રાજાજી સામે આ સુમતિદેવ કરતાં શ્રેષ્ઠ સાબિત થઇશ. તરત જ ઉગ્રદત બીજા ગરીબને પાંચસો સોનામહોર દાનમાં આપી દીધી. રાજા આ બધું જોઇ રહ્યા. એમણે સુમતિદેવને કહ્યું તમે આ રાજયના મહામંત્રી છો અને બીજા મંત્રીઓ કરતાં ખૂબ વધુ ધનિક છો છતાં તમારા કરતાં ઉગ્રદતનું દાન વધુ કેમ ? ઉગ્રદત મનોમન ખૂબ ખુશ થઇ ગયા. સુમતિદેવે રાજાને કહ્યું કે રાજાજી જો તમે મારું આટલું માન રાખો તો હું આ વાતનો જવાબ એક સપ્તાહ પછી આપવાનું પસંદ કરીશ. રાજાજી એ વાત માન્ય રાખી અને સહુ પરત રાજમહેલ પધાર્યા.



જોતજોતામાં સાત દિવસ પસાર થઇ ગયા. ઉગ્રદતે ભરેલી સભામાં રાજાજીને દાન વાળી વાત યાદ કરાવી. રાજાજી એ સુમતિદેવ પાસે જવાબ માંગ્યો. સુમતિદેવે રાજાજીને કહ્યું કે હે નામદાર બે સિપાહી મોકલવામાં આવે અને બંન્ને ગરીબ વ્યકિતઓ જેમને અમે દાન આપ્યું હતું એમની ખબર પુછાવવામાં આવે. રાજાજીનો હુકમ થયો એટલે સિપાહીઓ ખબર મેળવી લાવ્યા. સુમતિદેવે સિપાહીઓને શું જાણ્યું એ દરબાર સમક્ષ રજૂ કરવા કહ્યું. સિપાહીઓએ કહ્યું કે જે ગરીબને હાથલારી આપવામાં આવી હતી એ ગરીબ માણસ. મહેનતથી પોતાનું જીવન પસાર કરવા લાગ્યો છે લોકોને સામાન શાકભાજી વગેરે લઇ આવવા કે લઇ જવામાં મદદ કરે છે અને એ આવક માંથી પોતાનું જીવન ગુજારે છે. પરંતુ જે ગરીબ વ્યકિતને સોનામહોરો દાનમાં મળી હતી એ વ્યકિતએ તો આટલુ ધન પહેલી વાર જોયું હતું. એટલે એણે તો મોજશોખ પાછળ ધન વેડફી નાખ્યું, મંદિરાપાન અને વધુ ધનની લાલચે જુગાર પણ રમ્યો પછી હતો ત્યાં ને ત્યાંજ પહોંચી ગયો. રાજા શોર્યવીરસિંહજી અને સહુ દરબારીઓ આ વાત સાંભળી આશ્ચર્ય પામ્યા.

સુમતિદેવે રામજીને કહ્યું બોલો નેક નામદાર અમારા બંને માંથી કોનું દાન ઊંચું હતું ? પોતાની યોગ્યાતાથી વધુ અને મહેનત વગર આવેલું ધન હંમેશા વિનાશ જ નોતરે છે. માણસ લાયકાતથી વધુ ધન પચાવી શકતો નથી. જો એ ધન મહેનતથી કમાયેલું હોય તો અને તો જ એ સુખ સંતોષ આપી શકે. કોઇ પ્રયત્ન કે મહેનત વગર આવી પડેલું ધન વ્યકિતને દુઃખ જ આપે છે. રાજાજીએ મંત્રી સુમતિદેવની વાત સ્વીકારી અને એમની આટલી ઊંચી દ્રષ્ટિની પ્રશંસા કરી. બીજી બાજુ ઉગ્રદત શરમથી મોઢું નીચું રાખી બધું જોઇ રહ્યા.....


- કોટડીયા પરી એન. ધોરણ ૪ - એ

દરેક મનુષ્યને ચાર ગ્રહ નડતા હોય છે -સંગ્રહ, આગ્રહ, પરિગ્રહ અને પૂર્વગ્રહ.

# નોલેજ કોર્નર



## ગ્રીસનો બાવન શિખરવાળો પર્વત : માઉન્ટ ઓલિમ્પસ




ગ્રીસમાં આવેલો માઉન્ટ ઓલિમ્પસ પર્વત તેની સૌથી વધુ સજીવસૃષ્ટિ અને વનસ્પતિ માટે જાણીતો છે. બાવન શિખરો, અનેક ઢોળાવો, ચઢાવઉતાર, ગુફાઓ અને ખીણોથી નયનરમ્ય બનેલા આ પર્વત ઉપર વિશ્વભરના પ્રવાસીઓ આવે છે. પુરાણકથામાં આ પર્વત વરસાદમાં કદી પલળતો નથી એવી દંતકથા છે. પર્વતના વિસ્તારમાં ૧૭૦૦ જાતના ફૂલછોડ જોવા મળે છે કે જે ભાગ્યે જ અન્ય સ્થળે જોવા મળે. ૩૨ જાતના પ્રાણીઓ અને ૧૦૮ જાતિના પક્ષીઓ ઉપરાંત સેંકડો જાતિના પતંગિયા આ પર્વત ઉપર છે.

માઉન્ટ ઓલિમ્પસ ૨૯૧૭ મીટર ઊંચો પર્વત છે. આ વિસ્તાર સુરક્ષિત વિશ્વ વારસા તરીકે જાહેર થયેલો છે. તેની નજીક ડિયોન નામનું પ્રાચીન નગર છે. જ્યાં ખોદકામમાં પ્રાચીન રોમના નમૂના મળી આવ્યાં છે.

- સિંગલ ધ્રુવિકા એમ. ધોરણ ૪ - બી

## દરિયાઇ ગાય



ગાય, ધાર્મિક રીતે ખાસ દરજ્જો પામેલું પ્રાણી હાલ જોવા મળતી ગાય મુખ્યત્વે ભૂચર એટલે જમીન પર ફરનારું પ્રાણી જેના પૂર્વજ ઓરોક્સ તરીકે એશિયા, યુરોપ અને ઉત્તર આફ્રિકામાં મુક્ત રીતે વિહાર કરતા.

પરંતુ, આપણને કોઇ એમ કહે કે દરિયામાં ગાય હોય છે. આપણે માનીએ નહિ. ખરેખર જેને દરિયાઇ ગાય કહેવામાં આવે છે. તેને Steller's Sea Cow અથવા Dugong તરીકે ઓળખવામાં આવે છે. ઇ.સ. ૧૭૪૧ માં Wilhelm Steller નામના પ્રાણીશાસ્ત્રીએ અલાસ્કા અને રશિયાના દરિયામાં પ્રથમ નોંધ કરી ત્યારે તેનું સંખ્યાકીય પ્રમાણ સારૂ હતું. આદિયુગ પ્લીસ્ટોસીનમાં તેની નવ પ્રજાતિ અને અઢાર જાતિ હયાત હતી. પરંતુ કાળક્રમે આ પ્રાણી લુપ્તતા તરફ ધકેલાતું રહ્યું કારણ તેની ચામડી અને માસના સારા એવા પૈસા ઉપજતા. લગભગ ૩૦ ફૂટની લંબાઇ ધરાવતી દરિયાઇ ગાયનું વજન દશ-બાર ટન જેટલું એટલે માછીમારો તેને જાળમાં પકડતા નથી પરંતુ તેના પર ડાયનેમાઇટ મારી તેનો શિકાર કરતા. આ શિકાર પ્રવૃતિને લીધે તેની સંખ્યા ઘટતી ગઇ.

દરિયાઇ ગાય સસ્તન વર્ગનું પ્રાણી જે ફેફસા વડે શ્વસન કરે તેથી સમયાંતરે તેને દરિયાની સપાટી પર આવવું પડે. આ સમયે તે માનવીનો ભોગ બને. માથું નીચેની તરફ રાખીને તરવાની ટેવ ધરાવે તેથી ઉપરની બાજુનું દ્રશ્ય બહુ સ્પષ્ટ ન થાય. તેના અગ્ર ઉપાંગ તરીકેના હલેસા જેવા ફિલપરમાં આપણા હાથના હાડકાંની જેમ હાડકાંની ગોઠવણ રહેલી છે. પરંતુ તેની પૂંછડી માછલીની જેમ એક ખાંચ વડે બે ભાગમાં વિભાજીત હોય છે. દરિયાઇ ગાય તૃણાહારી છે. જે દરિયાના તળિયે ઉગેલી વનસ્પતિનો આહાર લે. આ વનસ્પતિ સમૂહને કેલ્પ તરીકે ઓળખવામાં આવે છે. કેલ્પમાં પણ રહેલી હેલોફિલા આવેલીસ નામની વનસ્પતિ તેનો મુખ્ય ખોરાક. દરિયાઇ ગાયને સાચા દાંત નથી પરંતુ તેનો ઉપરનો હોઠ ટુથબ્રશ જેવા રેષાઓ ધરાવે તેનાથી વનસ્પતિ ગ્રહણ કરી ખાંચવાળા ઉપરના તાળવા અને નીચેના હોઠ વડે ચાવવાની ક્રિયા ચલાવે.

ડૂગોંગીડી કૂળમાં સમાવેશ પામતી દરિયાઇ ગાયની હાલમાં બે-ત્રણ જાતિ જ અસ્તિત્વમાં છે. આમ તે ભયગ્રસ્ત જાહેર થયેલ છે. તેની વિશિષ્ટ વર્તણૂકને લીધે તેને બંધન અવસ્થામાં કે ઝૂમાં રાખી શકાતી નથી. દરિયાના તળિયે ધીમે - ધીમે પૂછડી અને ફિલપર્સથી ચાલે તેમજ તરે. આથી આપણા ધ્યાનમાં આવતી નથી. માછીમારોને પણ જવલ્લે જ જોવા મળે છે. પરંતુ જ્યારે દરિયાઇ ગાય મૃત્યુ પામે છે ત્યારે તેનો મૃતદેહ કિનારા પર ફેંકાઇ જાય છે.

આપણા કચ્છના અખાતમાં દરિયાઇ ગાય વસવાટ કરે છે તેના પુરાવાઓ આ રીતે પ્રાપ્ત થયેલા મૃતદેહથી મળેલા છે. માંડવી, બેટ દ્વારકા, સલાયા, પીરોટન, બેડીબંદર અને પોશીત્રા ખાતેથી દરિયાઇ ગાયના મૃતદેહ કે હાડપિંજર મળ્યાની નોંધ છે.

આમ દરિયાઇ ગાય હવે આપણી પાસે આશરો શોધી રહી છે. કારણ ભારતના કોઇપણ અન્ય દરિયામાં તેનું અસ્તિત્વ રહ્યું નથી માત્ર કચ્છના અખાતમાં જ જો તે બચી શકી હોય તો આપણી ફરજ છે કે દરિયાઇ ગાયનું સંરક્ષણ કરવા માટેના જરૂરી પગલા તાત્કાલિક લેવા જોઇએ.

- જરીયા માહિ એસ. ધોરણ ૩ - બી









શાળામાં અભ્યાસ કરતા ધો. ૭ થી ૯ ના વિદ્યાર્થિની બહેનો માટે ભગીરથ રીસોર્ટ બામણાસા, ગીર ખાતે પીકનીકનું આયોજન કરવામાં આવ્યું હતું.













શાળામાં અભ્યાસ કરતા પ્રાઈમરી સેકશનના વિદ્યાર્થીઓ માટે ચોકીધાણી ખાતે પીકનીકનું આયોજન કરવામાં આવ્યું હતું.








































પ્રાઈમરી વિભાગમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ માટે હેલ્ધી સ્નેકસ મેકીંગ કોમ્પીટીશનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓએ અવનવી નાસ્તાની વાનગીઓ ડેકોરેટ કરી બનાવી હતી.

# સીરિલ નોર્મલ હિન્સલવૂડ



જન્મ તારીખ : ૧૯ જૂન ૧૮૯૭
જન્મ સ્થળ : લંડન ઈંગ્લેન્ડ
૧૯૦૪ : તેમના પિતાનું મૃત્યુ થયું. તેઓ હિસાબનીશ હતા. તેમના ઉછેરની જવાબદારી તેમના માતા પર આવી.
૧૯૧૯ : બાલીઓલ કોલેજ ઓકસફોર્ડમાં દાખલ થયા.
૧૯૩૦ : તેમણે સંશોધન માટેનું નવું ક્ષેત્ર પસંદ કર્યુ. બેકટેરિયાનો વિકાસ કરી તેની સક્રિયતા માપવી. તેમણે બેકટેરિયાયુકત કોષોથી રાસાયણિક પ્રક્રિયાઓનો અભ્યાસ કર્યો. આ ઉપરાંત તેમણે ફોસ્ફરસ અને આલ્કલી ધાતુ કઇ રીતે બેકટેરિયાના ઉછેર માટે વાતાવરણ રચે છે તેમજ ઉત્સેચક કોષોની સમતુલા એમાં જળવાય છે તેમજ ઉત્સેચક કોષોની સમતુલા એમાં જળવાય છે તે અંગે સંશોધન કરેલા. પોટેશિયમ પરમેન્ગેનેટનું વિઘટન થઇ ઉત્પન્ન થતા વાયુ તેમજ ફિલામેન્ટ ઉપર કઇ રીતે કાર્ય કરે છે તેની જાણકારી મેળવી.
૧૯૩૬ : ધ કાઈનેટિક ઓફ કેમિકલ ચેન્જ ઉપર પુસ્તક પ્રસિધ્ધ કર્યું.
૧૯૪૬ : ધ કાઈનેટિક ઓફ બેકટેરિયલ સેલ્સ વિષય પર પુસ્તક પ્રસિધ્ધ કર્યુ.
૧૯૪૬-૪૮ : તેઓ કેમિકલ સોસાયટીના પ્રમુખ બન્યા.
૧૯૫૧ : ધ ટ્રકચર ઓફ ફિઝિકલ કેમેસ્ટ્રીના પુસ્તકની રચના કરી પ્રસિધ્ધ કર્યુ.
૧૯૫૨ : ગુલ્ડબર્જ મેડલ ઓસ્લો વિશ્વવિદ્યાલય તરફથી આપવામાં આવેલ.
૧૯૫૩ : ફેરેડે મેડલથી સન્માનિત કરવામાં આવ્યા.
૧૯૫૬ : એવોગેડ્રો મેડલ એકાડેમીયા ડી લીન્સઇ રોમ દ્વારા આપવામાં આવેલ.
આજ વર્ષે રાસાયણશાસ્ત્રનો નોબેલ પુરસ્કાર આપવામાં આવેલ.
૧૯૬૧-૬૨ : ફેરેડે સોસાયટીના પ્રમુખ બન્યા.
૧૯૬૭ : ૯ ઓકટોબરના રોજ લંડન ખાતે તેમનું અવસાન થયું.











## શાળાકીય પ્રવૃતિ











ધો. ૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓ માટે વિદાય સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં રાઉન્ડ ટેસ્ટમાં ફર્સ્ટ, સેકન્ડ અને થર્ડ રેન્ક મેળવેલ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતાં અને વિદ્યાર્થીઓએ પોતાના શાળા જીવનના અનુભવ રજૂ કર્યા હતાં. મેનેજિંગ ટ્રસ્ટી ડૉ.ડી.કે.વાડોદરીયાએ તમામ વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી હતી.



## 3D હોલોગ્રામ ટેકનોલોજી શું છે ?



ડિજિટલ ટેકનોલોજીની નવતર શોધ એટલે હોલોગ્રામ ટેકનોલોજી. હોલોગ્રાફિક ટેકનોલોજી પ્રોજેક્ટરની જેમ કામ કરે છે. આ સાથે કોઈપણ વસ્તુને 3D આકાર આપવાનું તેના વડે શક્ય બને છે. નરી આંખે જ્યારે જોવામાં આવે ત્યારે આ હોલોગ્રામ ઈમેજ એકદમ વાસ્તવિક લાગે છે પરંતુ તે માત્ર એક 3D ડિજિટલ ઈમેજ જ હોય છે. તેને નરી આંખે 3D ચશ્મા પહેર્યા વગર પણ જોઈ શકાય છે.

3D હોલોગ્રામ પ્રોજેક્ટ કરવા માટે, પારદર્શક હોલોગ્રાફિક સ્ક્રીનની જરૂર પડે છે. જે તેનો મુખ્ય આધાર છે. હોલોગ્રામની ગુણવતા પર આધાર રાખે છે. હોલોગ્રામ એ લાઈટ બીમ દ્વારા રચાય છે, જે જોતા જ વાસ્તવિક લાગે તેવી આકૃતિને આપણી નજર સામે પ્રતિબિંબ કરે છે. બીજું કે હોલોગ્રામ પ્રતિમામાં વપરાયેલ આ પારદર્શક સ્ક્રીન જોનારને દેખાતી નથી.

નેતાજીનું મૂકવામાં આવેલું આ હોલોગ્રામ સ્ટેચ્યૂ ૨૮ ફીટ ઉંચાઈ અને ૬ ફીટ પહોળાઈ ધરાવે છે, જ્યાં સુધી ગ્રેનાઈટથી બનાવવામાં આવનારી ભવ્ય પ્રતિમાનું કામ પૂર્ણ નહીં થાય ત્યાં સુધી તેમની હોલોગ્રામ પ્રતિમા આ જગ્યાએ હાજર રહેશે.

- જાડેજા સત્યરાજસિંહ આર. ધોરણ ૪ - એ.

## ધડાકા જેવો મોટો અવાજ સંભળાતાં આંખ કેમ મીંચાઈ જાય છે ?



આપણી આસપાસ ક્યારેક મોટો ફટાકડો ફૂટે કે કોઈ વજનદાર ચીજ પછડાય ત્યારે એનો અવાજ સાંભળતાં જ આપણી આંખ મીંચાઈ જાય છે. એટલે કે આપણી પાંપણ ઝપકી જાય છે. આમ કેમ થતું હશે ખબર છે ? આનું કારણ છે કે કાનનાં પડદા પર આવો કોઈ પણ અવાજ ઝીલાય ત્યારે એ સતત ધ્રૂજે છે. આ ધ્રુજારી કાનની અંદરના હાડકામાં થઈ જ્ઞાનતંતુઓ સુધી પહોંચે છે. વળી, જ્ઞાનતંતુઓ દ્વારા મગજ સુધી પહોંચે છે. એનો અર્થ કે આ ધ્રુજારી મગજ સુધી પહોંચે ત્યારે મગજ આ ધ્રુજારીને ઓળખી પાડે છે. મગજમાં આખા શરીરની વ્યવસ્થાનું કામ ચાલતું હોય ત્યાં અચાનક જ એ ભયંકર ધ્રુજારીનો આંચકો આવતાં જ્ઞાનતતુંઓના ફ્યૂઝ ઉડી જાય છે. તેથી જો અચાનક જ્ઞાનતંતુઓ પર વધારે પડતી તાણ આવે ત્યારે જ્ઞાનતંતુના છેડા છૂટા પડી જતો રહે છે. આ કારણસર બધા સ્નાયુ ઢીલા પડી જાય છે. અચાનક ધડાકાનો અવાજ કાન પર સંભળાય ત્યારે મગજ સુધી ભયંકર ધ્રુજારી પહોંચે છે. એટલા માટે આંખની પાંપણ તરત જ મીંચાઈ જાય છે.

- ભંડેરી સાક્ષી એમ. ધોરણ ૬ - એ.



## પવન વિશે આ જાણો છો ?



ઉનાળાની ગરમીમાં ઠંડો પવન સૌને ગમે. ઉતરાયણમાં એજ પતંગની મજા હવામાન ખાતાની આગાહીઓમાં પણ પવનો વિશે વાંચવા મળે. પૃથ્વી ગોળ ગોળ ફરે છે. ઉપરાંત તાપમાન અને ઉંચાઈને કારણે પવન પેદા થાય છે. પવનો પૃથ્વીની સપાટી પર સમાંતર વહેતી હવા છે. પવન ત્રણ જાતના હોય છે. કાયમી, મોસમી અને સ્થાનિક કાયમી પવનો બારે માસ એક જ દિશામાં આવે છે. ઉનાળા અને શિયાળામાં મોસમી પવનો વાય છે. હિંદ મહાસાગર પર ઉનાળામાં નૈઋત્ય દિશા તરફથી મોસમી પવન વાય છે. તે ભારત, બાંગ્લાદેશ, શ્રીલંકા વગેરે દેશોમાં વરસાદ લાવે છે. દિવસ અને રાત્રિના વાતાવરણ બદલવાથી પવનમાં દબાણમાં ફેરફાર થાય છે. પહાડી કે સમુદ્ર કિનારાના વિસ્તારોમાં સ્થાનિક પવનો થાય છે. વાતાવરણમાં હવાના દબાણમાં ફેરફાર થવાની અનિયમિત પવનો આવી આફતો સર્જે છે.

- સોલંકી નવ્યા એમ. ધોરણ ૩ - સી.

# શાળાકિય પ્રવૃતિ








શાળામાં અભ્યાસ કરતાં ૧૨ થી ૧૪ વર્ષના વિદ્યાર્થીઓ માટે વેકસીનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમા મેયરશ્રી ડૉ.પ્રદિપ ડવ અને અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહયાં હતાં.











શાળામાં અભ્યાસ કરતા પ્રી - પ્રાઈમરી, પ્રાઈમરી સેકશનના (ઇંગ્લીસ મિડીયમ)વિદ્યાર્થીઓ માટે મોટલ ધ વિલેજ ખાતે પીકનીકનું આયોજન કરવામાં આવ્યું હતું.



# તમે કોને વધુ પસંદ કરો છો, તમારા મોબાઈલ કે સમયને ?



ઓહો, મારો મોબાઈલ ક્યાં છે? આ વાક્ય લગભગ કોઈના મુખે સાંભળવા નથી મળતું કારણ કે હવે દરેક વ્યક્તિ પોતે ક્યાં ઉભો છે અથવા ક્યાં જઈ રહ્યો છે તે ભૂલી જઈ શકે પણ તેનો મોબાઈલ તે ક્યારેય ભૂલે નહીં. આવા ન ભૂલાતા સાધનનો મહિમા અપરંપાર છે જેથી તેની માયા જાળમાં દરેક ફસાયેલા છે. હવે તમે ગમે તેને પૂછો કે તમારો વધુ સમય કઈ રીતે પસાર થાય છે, તો તેમનો જવાબ એક જ હશે કે મોબાઈલમાં. મોબાઈલ પહેલા એક અચરજ, પછી નવીનતા, પછી સ્ટેટ્સ, પછી જરૂરિયાત અને હવે કદાચ બધા માટે એક વળગણ પણ કહી શકાય. મોબાઈલનો મહિમા જેટલો ગણીએ તેટલો ઓછો છે, અને એટલે જ આજે ખૂબ જ અસરકારક વાત એવા લોકો માટે કરવી છે. જેમને પોતાનો સમય ઓછો પડતો હોય, જેમને ટાઇમ મેનેજમેન્ટ કરવા છતાં વધુ સમયની જરૂરિયાત લાગતી હોય, જેમને પોતાના કામની સાથે સુખ, શાંતિ અને ખુશી જોતી હોય તેવા દરેક વ્યક્તિ માટે હવેના સમયમાં તેના મોબાઈલમાં વેસ્ટ કે ઇન્વેસ્ટ થતા સમયને ચકાસવો પડશે. તમારા સ્ક્રીન ટાઈમને પીપલ ટાઇમ સાથે બદલવાની તાતી જરૂર છે. આપણે બધા એક એવા માહોલમાં અજાણતા પોતાની જાતને મૂકી દીધી છે. જ્યાં વ્યક્તિ અને મોબાઈલ વચ્ચેની પાતળી લક્ષ્મણરેખાને ભૂલી ગયા છીએ. મોબાઈલથી સમયને બગાડો છો કે સદુપયોગ કરો છો, કે કામ કરો છો. તેનાથી વ્યક્તિની સ્માર્ટનેસ આપણે પહેલા ગૂગલમાં બધું શોધતા અને હવે યુટ્યુબમાં બધું શોધી તેમાંથી જ શીખી લઈએ છીએ. પરંતુ જે અનુભવો અને પ્રેમના સ્પંદનો વ્યક્તિ કે પરિવાર પાસેથી મળે તે મોબાઈલમાંથી ક્યારેય ન મળે તે નક્કી કરી શકાય. પરંતુ મોબાઈલના બદલે જે વ્યક્તિ એટલે કે માણસ (જે તમારો પરિવાર કે મિત્ર છે) તેની સાથે કેટલા સમયની અદલાબદલી કરો છો તેના પરથી તમારી ખુશી અને સુખની ખબર પડે છે.

તમારો સમય તમારી મુઠ્ઠીમાંથી રેતીની જેમ સરકી રહ્યો હોય, ત્યારે તમે સમયને પકડીને કે બાંધીને રાખી શકતા નથી, એટલે જે સમય છે તેમાં જ માણસ સાથે સમય પસાર કરીને જીવન જીવ્યાનો આનંદ માણવાનો છે. વળી આ જ આનંદ અને સંતોષ તમારા બીઝનેસ કે જોબના કરિયરને પણ બુસ્ટ કરશે. આ જ સમય તમારા માટે આત્મવિશ્વાસ વધારવાનું કામ કરશે. તમે જ્યારે મોબાઈલ જેવા નિર્જીવ સાધનના બદલે સજીવ માનવી સાથે થોડો સમય પસાર કરો છો ત્યારે તમારી લાગણીઓ એકબીજા સાથે વાત કરવાથી પણ પસાર થાય છે જે તમારી ઉર્જા બને છે અને તે જ તમને હકારાત્મક ભાવનાઓ વધારવામાં મદદરૂપ બને છે. ઘણીવાર આપણી પાસે બધું જ હોવા છતાં મનમાં કંઈ નથી તેની નિરાશા દુઃખી કરતી હોય છે અને જે નથી તે બીજું કંઈ જ નહીં પણ અન્ય માનવીનો પ્રેમાળ હાથ જેના સંગાથમાં હોય ત્યારે તમે બધું જ દુઃખ કે પરેશાની ભૂલી જાઓ છો અને જો તમે મોબાઇલ સાથે જ સમય પસાર કરો છો તો તમને કોઈ વ્યક્તિ આપી શકે તેવી હૂંફ કે ઊર્જા મળતા નથી. પરંતુ જે તમે મોબાઇલ દ્વારા નકારાત્મક વાત કે વ્યક્તિ વિશે જાણો છો તો તમારા વિચાર અને આચાર પર તેની અસર થવાની શક્યતાઓ વધી જાય છે. બસ એક જ મંત્ર હવે યાદ રાખો કે સમયનું સંચાલન નહી પરંતુ સમયની અદલાબદલી તમે તમારી કઈ પ્રવૃત્તિ સાથે કરો છો તેના આધારે તમે વધુ ફાયદો મેળવી શકો. જે તમે ક્યારે, કેટલો સમય મોબાઈલને આપી તેના બદલે વ્યક્તિ સાથે જોડાવું અને વાત કરવી વધુ ફાયદાકારક છે તે તમારે સમજતા શીખવું પડશે. જો તમે જીવનમાં તમારા કાર્યથી સંતોષ મેળવવા માંગતા હો તો.

- ઝાલા વૈદેહીબા ભગીરથસિંહ. ધોરણ ૪ - સી.

**તમે આવોને સન્માન મળે તેના કરતાં તમે જાઓને તમારી ખોટ વર્તાય એવું કામ કરજો.**




ખેલ મહાકુંભ આયોજિત U-14 બહેનોએ ઝોન કક્ષાની ખો - ખો સ્પર્ધામાં ટીમ - B એ તૃતિય સ્થાન મેળવ્યું હતું.




ખેલ મહાકુંભ આયોજિત U-14 બહેનોએ ઝોન કક્ષાની ખો - ખો સ્પર્ધામાં ટીમ -A એ દ્વિતીય સ્થાન મેળવ્યું હતું.




ખેલ મહાકુંભ આયોજિત U-17 બહેનોએ ઝોન કક્ષાની ખો - ખો સ્પર્ધામાં દ્વિતીય સ્થાન મેળવ્યું હતું.




ખેલ મહાકુંભ U-14 એથ્લેટીક્સ સ્પર્ધામાં શાળાની વિદ્યાર્થીની રાદડીયા ખુશી એ પ્રથમ સ્થાન મેળવ્યું હતું.



ખેલ મહાકુંભ U-17 એથ્લેટીક્સ સ્પર્ધામાં શાળાની વિદ્યાર્થી ગણાત્રા કિશન એ દ્વિતીય સ્થાન મેળવ્યું હતું.




ખેલ મહાકુંભ U-17 એથ્લેટીક્સ સ્પર્ધામાં શાળાની વિદ્યાર્થીની અગ્રાવત જાનવી એ પ્રથમ સ્થાન મેળવ્યું હતું.



